'મીસ્ટર રે લા–શપેલ'

# અંધેરી નગરી અને ગંડુ રાજા

–હરનીશ જાની

આ વાર્તા નથી. આ દુનીયામાં આવો માણસ હરે–ફરે છે. તેમનું નામ હતું : 'મી. રે લા–શપેલ.' તે મારા બૉસ હતા. પ્લાસ્ટીક કલર કંપનીના પ્રેસીડન્ટ હતા. હું તે કંપનીમાં ટૅક્નીકલ ડાયરેક્ટર હતો.

૧૯૯૮ના એપ્રીલમાં એક દીવસે સવારે તે મારી ઑફીસમાં ધસી આવ્યા. તેમના હાથમાં તે દીવસનું 'ન્યુ યોર્ક ટાઈમ્સ' હતું. તેમણે તે પેપર મારા ટેબલ પર પછાડ્યું. 'વોટ ઈઝ ધીસ? આ શું છે?' મને કાંઈ સમજ ન પડી. મને કહે કે, 'પેપર વાંચ.' પહેલા પાના પર મોટા અક્ષરે ન્યુઝ હતા કે 'ઈન્ડીયાએ રાજસ્થાનના રણમાં અણુધડાકો કર્યો.' પછી મારા પ્રેસીડન્ટ ઉછળીને બોલ્યા, 'તમે ઈન્ડીયનો તમારા મગજમાં સમજો છો શું? એટમબોમ્બ ફોડ્યો એટલે અમારી બરોબરના થયા? તમે સાબીત શું કરવા માંગો છો?' મેં ખુબ નમ્રતાથી કહ્યું કે, 'આ એટમબોમ્બ ફોડવામાં મારો હાથ નથી અને જો ઈન્ડીયન ગવર્નમેન્ટને સલાહ આપું તો ત્યાં કોઈ મારું સાંભળે પણ નહીં.' તે બોલ્યા કે, 'મીસ્ટર, શનીવારનું ડીનર કેન્સલ.'

આ ડીનરની વાતમાં એમ હતું કે માર્ચના અંતમાં ગુડી પડવાને દીવસે મારી દીકરી પરણી હતી. તેમાં મીસ્ટર અને મીસીસ લા–શપેલ નહોતાં આવી શક્યાં. તો મેં તેમના કુટુમ્બ સાથે મારા કુટુમ્બનું ડીનર એક ફ્રેન્ચ રેસ્ટોરાંમાં ગોઠવ્યું હતું. આ ગાંડા માણસે ઈન્ડીયાએ અણુ વીસ્ફોટ કર્યો તે મારા માથે ઢોળ્યું અને મારો વાંક કાઢીને ડીનર કેન્સલ કર્યું. 'તસ્કર ખાતર પાડતાં – ચોર દબાયા ચાર' જેવો ઘાટ થયો. ઈન્ડીયન ગવર્નમેન્ટમાં મારું ચાલતું હોત તો તે બોંબ રે લા–શપેલના માથે જ ફોડાવત.

હવે આ માણસ કેટલો પાગલ છે તે તો મને પહેલે દીવસે મારા જોબ ઈન્ટરવ્યુ વખતે જ સમજાઈ ગયું હતું. મારો ઈન્ટરવ્યુ લેવા જનરલ મેનેજર અને પ્રેસીડન્ટ બેઠા હતા. હું જેવો તેમની ઑફીસમાં ગયો કે મી. લા–શપેલ ઉભા થઈ ગયા. 'ઓહ, માય ગોડ ! યુ આર વેરી હેન્ડસમ. આઈ લાઈક યોર પર્સનાલીટી,' તેણે બાજુમાં બેઠેલા જનરલ મેનેજર મી. ફીલ પેટનને કહ્યું કે, 'મી. પેટન, તમને આ માણસ ગમ્યો? મને તો બહુ જ ગમ્યો છે. એને નોકરીમાં રાખી દો.' ટૅક્નીકલ ડાયરેક્ટરની પોસ્ટ માટે આવું કેટલાને બન્યું હશે? મારા હાથમાં જાત જાતનાં સર્ટીફીકેટ્સ હતાં, કેરેક્ટર રેફરન્સીસ હતા. મી. રે લા–શપેલને કશાની જરુર ન લાગી. તેમને મારો દેખાવ ગમી ગયો. તેમને મારી પર્સનાલીટી ગમી ગઈ. મેં મનોમન મારા મા–બાપને 'થેન્ક યુ' કહ્યું. આવું મારા જીવનમાં બીજી વાર બન્યું. પહેલી વાર, મારી પત્નીને પરણતાં પહેલાં જોવા ગયો હતો. ત્યારે બન્યું હતું.

મી. લા–શપેલે તેમની સેક્રેટરીને અને સ્ટાફની બીજી બે ત્રણ છોકરીઓને બોલાવીને પુછ્યું કે, ‘આ માણસ હેન્ડસમ છે ને ! એને નોકરીમાં લીધો છે.’ મને પોતાને સંકોચ થતો હતો. ઈન્ટરવ્યુમાં કેવા કેવા સવાલ પુછાશે વગેરે વીચારોથી પરસેવો થતો હતો. અને અહીં તો આ નાટક ! અને હૈયામાં ઠંડક થઈ ગઈ. હકીકતમાં તો મારે તે દીવસે જ સમજી લેવા જેવું હતું કે અહીં તો ‘ટકે શેર ભાજી; ટકે શેર ખાજા છે.’

તેમનો દીકરો અમારી કંપનીમાં સેલ્સમેન હતો. તેની સાથે મારે ઘણી વખતે ટૅક્નીકલ મદદ માટે ટ્રાવેલીંગ કરવી પડતી હતી. અને મારી મદદથી તેને ચાર પાંચ સારા ઓર્ડર પણ મળ્યા હતા. તે મારો મીત્ર બની ગયો હતો. એક વખતે કોઈ કારણસર તેને અમારા પ્રેસીડન્ટ ખુબ વઢ્યા. અને બે વચ્ચે કોઈ કારણસર બોલાચાલી થઈ. તે આખી ઑફીસે સાંભળ્યું–જોયું. પછી તે મારી ઑફીસમાં આવ્યા અને પોતાના દીકરા વીશે મને કહેવા લાગ્યા કે, ‘તેં એને ચડાવી માર્યો છે.’ ત્યારે મેં તેમને સમજાવ્યા કે ‘અમારા હીન્દુઓમાં કહેવાય છે કે છોકરાં તો બોલે; પણ બાપે તેમને માફ કરી દેવાં જોઈએ.’ તે વાત તેમને ગમી ગઈ અને ત્યાર પછી તે હમ્મેશાં મારી સાથે જાત જાતની હીન્દુ ફીલોસોફીની વાતો કરવા આવતા. મઝાની વાત એ હતી કે હું જનરલ મેનેજરને રીપોર્ટીંગ કરતો હતો. પણ પ્રેસીડન્ટ સીધા મારી ઑફીસમાં કામ સીવાયની વાતો કરવા આવી જતા. શરુઆતમાં મને કે કોઈને આ વાત નહોતી સમજાતી. પછી મારા બોસ મી. ફીલ પેટન મને લા–શપેલ સાથે શી શી વાતો થઈ તે પુછતા. અને હું તેમને સાચું કારણ આપતો કે મી. લા–શપેલ મારા કુટુમ્બ વીશે પુછપરછ કરતા હતા. અને મારા બૉસ મને શંકાની નજરે જોતા અને કહેતા કે તારી વાત મને સાચી નથી લાગતી; પણ તું કહેતો હોય તો તારી વાત સાચી માનીશ.

હવે વીચારવા જેવી વાત એ હતી કે આવી મોટી કંપનીના પ્રેસીડન્ટને આમ ગપસપ કરવાનો સમય મળે ખરો? કંપનીનું ૪૮ મીલીયન ડૉલરનું સેલ હતુ. અને સોથી વધુ માણસો કામ કરતા હતા. મને લાગતું કે કંપની જનરલ મેનેજર મી. પેટન ચલાવતા અને પ્રેસીડન્ટ જલસા કરતા હતા.

અમેરીકન ફુટબોલના એક કાળા પ્લેયર, ઓ. જે. સીમ્પ્સને પોતાની ગોરી પત્નીનું ખુન કર્યું હતું. તેનો કેસ ચાલતો હતો. અમેરીકન પ્રજાનો મત તો આ વીષય પર વહેંચાયલો હતો. ગોરા માનતા કે તે ખુની છે; જ્યારે કાળા અમેરીકનો તેને નીર્દોષ માનતા. જે દીવસે એ કેસનો કોર્ટમાં નીર્ણય આવવાનો હતો, તે દીવસે મી. લા–શપેલ સવારે મારી ઑફીસમાં આવ્યા. મને કહે કે, ‘તને આ કેસ વીશે શું લાગે છે.’ મેં તેમને કહ્યું કે, ‘સીમ્પ્સન નીર્દોષ જાહેર થશે.’ મારી દષ્ટીએ કારણ તો બહુ સીધું હતું. અમેરીકાની કોર્ટમાં તેને ગુનેગાર સાબીત કરવો હોય તો દરેક જ્યુરીનો નીર્ણય એક સરખો હોવો જરુરી હતો. હવે તેમાં બે કાળા જ્યુરી હતા ! જે કદી કાળા કેદીને ગુનેગાર ન ગણે. એટલે ગુનેગાર છુટી જાય. અને થયું પણ તેમ જ. ઓ. જે. સીમ્પ્સન નીર્દોષ જાહેર થયો.

એટલે મી. લા–શપેલ ગુસ્સે થયા. તે પોતે ગોરા અમેરીકન હતા. અને મને કહે કે, ‘તને ક્યાંથી ખબર પડી કે તે છુટી જશે?’ તમે માનશો કે ઓ. જે. સીમ્પ્સન નીર્દોષ છુટ્યો તો તેમાં મારો હાથ હતો? હવે આ માણસને કેવી રીતે જીતાય ! કદાચ કંપનીમાં કોઈ ટૅક્નીકલ પ્રોબ્લેમ ઉકેલી ન શકું તો મને જુતા મારો, ગણીને એક સો; પણ આવી વાહીયાત વાતો પર મારા પર ચીઢાય તેનું શું? પછી મેં નક્કી કર્યું કે : ‘સીંહનું મોઢું સુંઘવા કરતાં શીયાળની જેમ કહી દેવાનું કે મને શરદી થઈ છે.’

હવે આ પ્રેસીડન્ટની બીજી ઘણી બધી વીચીત્ર બાજુઓ હતી. અમે બે, કોઈ ટૅક્નીકલ પ્રેઝન્ટેશન માટે સાથે એર ટ્રાવેલીંગ કરતા. ત્યારે મારું લગેજ એ ઉંચકી લે ! જાતે મારી કૉફી બનાવી આપે ! તેમની સાથે કોઈ રેસ્ટોરાંમાં ડ્રીંક પીતા હોઈએ તો તમારે એ જેટલા પૅગ પીએ એટલા ફરજીયાત પીવા પડે ! હા, તેમનો કાયદો હતો કે રેસ્ટોરાંમાં એ પોતે ખુરશીમાં બેસે પછી જ સ્ટાફ બેસે. જો એમની સાથે ટેનીસ રમતા હો તો તે જ જીતવા જોઈએ. જો ભુલથી તમે જીતો તો પાછા મર્યા !

ટુંકમાં, તમારા માથા પર બે–ધારી તલવાર લટકતી હોય. મને પોતાને પગાર સરસ હતો અને કંપનીની બધી ટૅક્નીકલ મુશ્કેલીઓમાં મને ઉંડી સમજ હતી. તેથી નોકરી છોડવાનું બહુ મન નહોતું થતું. હવે બીજી ન સમજાય તેવી વાત એ હતી કે તે એક ઈન્ડીયન, હરનીશને તે પસંદ કરતા હતા; પરંતુ તેમને ઈન્ડીયા નહોતું ગમતું ! બીજા ઈન્ડીયનો પણ નહોતા ગમતા !

તેમાં મારા કમનસીબે, કોઈ ઈન્ડીયને તેમની કારને પોતાની કાર ભટકાડી – અથવા તો એમ કહેવાય કે મી. લા–શપેલની કાર કોઈ ઈન્ડીયનની કાર સાથે અથડાઈ. વાંક કોનો? ત્યારે કહે કે હરનીશનો. આવ્યા સીધા બીજે દીવસે મારી ઑફીસમાં. ‘તારા ઈન્ડીયનોને કાર ચલાવતા પણ નથી આવડતી. ઉંટગાડી ચલાવો, ઉંટગાડી !’ મને કહેવાનું મન તો થઈ ગયું કે : ‘અમે ઈન્ડીયનો તમારી કંપનીઓ તો ચલાવવાનું જાણીએ છીએ, એટલું ઓછું છે ?’

આ માણસથી છુટવાનું મેં નક્કી કરી નાખ્યું અને મેં પહેલી તકે તે નોકરીમાં રાજીનામું આપી દીધું. તો બીજે દીવસે સવારે મારી ઑફીસમાં આવીને કહે કે, ‘તમે ઈન્ડીયનો તમારા મગજમાં સમજો છો શું? તમારા વીના મારી કંપની બંધ પડી જશે?’

મેં તેમને જવાબ તો ન આપ્યો; પણ મનોમન ભગવાનને પ્રાર્થના કરીકે ભારત એટમબૉંબ ફોડે તો સારું અને તે પણ મી. લા–શપેલના માથા પર !

–હરનીશ જાની

લખ્યા તારીખ : 15th May, 2016

સર્જક–સમ્પર્ક :

Harnish Jani

4-Pleasant Drive, Yardville, NJ-08620-USA

Phone-609-585-0861 Email : harnishjani5@gmail.com

●

હરનીશભાઈ હાલ તેમના આગામી ગ્રંથ માટે 'હાસ્ય–ચરીત્રો' લખવામાં વ્યસ્ત છે.. આગામી દીવસોમાં એમનું એ પુસ્તક '**હાસ્ય–ચરીત્ર**' પ્રકાશીત થઈ રહ્યું છે.. તેમાંનો આ એક નવો લેખ તે 'મીસ્ટર રે લા–શપેલ'. શરુઆતથી જ 'સ.મ.'ના જબરા ચાહક અને સાચા સમર્થક રહેલા ભાઈ હરનીશ જાનીએ, 'સન્ડે ઈ.મહેફીલ' માટે જ આ લેખ, સ્નેહથી લખી મોકલ્યો તે બદલ તેમનો ખુબ આભાર..

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: બારમું – અંક: 354 – August 07, 2016
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,25,43,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 62,33,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,62,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 3,51,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@